## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મોદીજીએ તો ખાલી સ્વચ્છતા અભિયાન આપ્યું અમે તેને આગળ વધાર્યું..!! સુકો કચરામુક્ત ભારત અને ભીના કચરા મુક્ત ભારત...

# શહેરની સિવિલમાં છેલ્લા વર્ષની નર્સિંગ વિદ્યાર્થીનીઓને પગાર ન મળતાં વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સિવિલ કેમ્પસ ખાતે પગાર મુદ્દે નર્સિંગની વિદ્યાર્થીનીઓએ સુપ્રિટેન્ડન્ટ ઓફિસ બહાર વિરોધ પ્રદર્શીત કર્યો હતો. કોરોના કાળમાં એક માસ નોકરી કરી હોવા છતા આજ દિન સુધી પગાર ન મળતા વિદ્યાર્થીનીઓમાં રોષ ભભુકી ઉઠ્યો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોરોનાની બીજી લહેરમાં અસંખ્ય નાગરીકો કોરોનાની ઝપેટમાં આવી ગયા હતા. એક ઘર છોડી એક ઘરે કોરોના પોઝીટીવ દર્દીઓ હતા. શહેરની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં બેડ ખુટી પડ્યા હતા તેવી સ્થિતિ સર્જાઈ હતી. દર્દીઓ માટે ઓકિસજનના સિલિન્ડર લેવા માટે નાગરીકો દોડધામ કરતા હતા. ત્યારે કોરોનાની બીજી લહેરમાં ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ૪૫૦ થી વધુ કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર હેઠળ હતા. તે સમયે બેડ, ઓકિસજનની સાથે સાથે ડોક્ટર તેમજ નર્સિંગ સ્ટાફની પણ અછત વર્તાઈ હતી.



તે સમયે તંત્ર દ્વારા ઈન્ટર્ન ડોકટર્સ તેમજ ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી નર્સિંગની વિદ્યાર્થીનીઓને કોવીડ વોર્ડમાં ફરજ સોંપવામાં આવી હતી. ત્યારે ગાંધીનગર સિવિલમાં નર્સિંગ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી ૬૦ થી ૭૦ વિદ્યાર્થીનીઓએ એક માસ જેટલો સમય કોવીડમાં ફરજ બજાવી છે. તેઓને અંદાજીત રૂ.૧૦ થી ૧૨ હજાર જેટલો પગાર આપવામાં આપશે તેમ તંત્ર દ્વારા જણાવાયું હતું. પરંતુ ચાર થી પાંચ માસ જેટલો સમય થવા છતા આજદિન સુધી નર્સિંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓનો પગાર ચુકવાયો નથી. જેને પગલે વિદ્યાર્થીનીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. સિવિલ તંત્ર સમક્ષ વારંવાર ધક્કા ખાવા છતા પગાર અંગે કોઈ ચોક્કસ કહી શકતુ નથી. ત્યારે આજે કેમ્પસ ખાતે બહેનોએ પગાર મુદ્દે ધરણા યોજી સુત્રોચ્ચાર કર્યા હતા. જો ટુંક સમયમાં પગાર નહી થાય તો વિદ્યાર્થીનીઓ ઉગ્ર આંદોલન કરશે.

## ખૂણેખાંચરેથી

- ૯ મી સપ્ટેમ્બરના રોજ ખેતીવાડી-ઉત્પાદન-સહકાર સમિતિની બેઠક જિલ્લા પંચાયત ખાતે મળશે.
- શિક્ષક સન્માન સમારોહ ગાંધીનગરના બદલે અમદાવાદ ખાતે યોજવાની કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જાણવા મળેલ છે.
- ધો. ૬ થી ૮ ના શૈક્ષણિક કાર્યનો આજથી આરંભ થયો છે અને પ્રથમ દિવસે જ ૪૦ ટકા જેટલા બાળકોએ શાળામાં હાજરી આપી હતી.
- આગામી સોમવાર અને મંગળવારના રોજ પંચાયત વિભાગના ઈન્સ્પેકશન સેલ દ્વારા જિલ્લા પંચાયત તેમજ બે તાલુકા પંચાયતોમાં ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવનાર છે.
- ગાંધીનગરના જાણીતા સહકારી અગ્રણી અને પૂર્વ કર્મચારી અગ્રણી સૂર્યકાન્ત બારોટના પુત્ર દેવેન્દ્ર બારોટનું આજે દુઃખદ અવસાન થયુ છે.
- કોટેશ્વર ગામમાં થયેલ મિલ્કત માપણી અંગેની જાણ મનપા દ્વારા ડીજીટલ લીંક તૈયાર કરી મિલ્કતધારકને મોકલી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- આગામી પાંચમી સુધી જિલ્લામાં વરસાદ ચાલુ રહેશે તેવુ હવામાન-પૂર્વાનુમાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન શાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં ઓગષ્ટ માસ દરમ્યાન ૬૭,૫૦૦ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

# જીવનને પાવન કરે એજ પર્યુષણ : રાષ્ટ્રસંત પદ્મસાગરજી મ.સા.

ગાંધીનગર, તા. ૨

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના પ્રથમ દિવસે પૂ. પદ્મસાગરજી મ.સા.એ સંદેશ આપ્યો છે કે ભારતીય સંસ્કૃતિએ અલ્પહિંસક સંસ્કૃતિ છે, સૃષ્ટિના કોઈપણ અંગને પરેશાની ન થાય એવી જીવન પદ્ધતિની બીજુ નામ એટલે ભારતીય સંસ્કૃતિ. આ સંસ્કૃતિના પ્રારંભકાળથી જ જૈન ધર્મનો તેની સાથે ગાઢ સબંધ રહ્યો છે. જૈન તિર્થંકર ઋષભદેવ પરમાત્મા એજ આ સંસ્કૃતિનું સર્જન કર્યુ છે. ભગવાનશ્રી ઋષભદેવ પરમાત્માએ દિક્ષાગ્રહણ બાદ એક હજાર વર્ષની કઠોર સાધના કરી અને પોતાના આત્મા પરના તમામ કર્મ પડેલાને નષ્ટ કરી કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યુ અને ધર્મ વ્યવસ્થાને પ્રસ્થાન કર્યુ ત્યારથી માંડીને આજ સુધીમાં કુલ ચોવીસ તિર્થાકર પરમાત્મા થયા. શ્રી મહાવીર સ્વામી ભગવાન જૈન ધર્મના ચોવીસમાં તિર્થાકર થયા આજથી પચીસો વર્ષ પૂર્ણ થયેલ ભગવાન મહાવીરે પોતાના દિવ્ય કેવળ જ્ઞાનથી સમગ્ર સૃષ્ટિ શા કારણે દુઃખી છે ? એ જોઈ એના ઉપાય સ્વરૂપ અહિંસા અપરિગ્રહ અને અનેકાન્ત જેવા સિદ્ધાંતોનો પરુપણ કર્યુહતુ. આ સિદ્ધાંતે જીવનમાં પ્રત્યેક પ્રસંગે કેવી રીતે ઉપયોગી બને એ માટેની સમજણ પણ ભગવાને પોતાની દેશના મા સમજાવી આ બાબતે તેમના શિષ્યોએ અને તેમની પરંપરામાં થયેલા પ્રશિષ્યાદિ જૈનાચાર્યોએ ગ્રંથોમાં સમાવી લીધી. આજે ભૌતિક દુનિયામાં ગળાડુબ બનેલી જનતા ધર્મસ્થાનોને આઉટડેટેડ ગણે છે. ત્યારે આ વાત યાદ રાખવા જેવી છે કે ગ્રહશાંતિથી માંડીને અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજનિતી, વિજ્ઞાન, ઈતિહાસ ભાષા કળા ઉદ્યોગથી માંડીને વિશ્વશાંતિ જેવા જટિલ વિષયોના સચોટ સરસ સમીકરણો જૈનશાસ્ત્રોમાં રજુ કર્યો છે. બસ ગુરુ પરંપરાથી તે શાસ્ત્રો વાંચી સમજી અને આચરણમાં મુકાય તે જરૂરી છે. આજથી શરૂ થતા પર્યુષણ પર્વના પ્રથમ દિવસે જૈન મુનિઓ પર્વમાં આચરવાના પાંચ કર્તવ્યો રજુ કરશે. અમારી પ્રવર્તન (અહિંસાનું પાલન) મારી એટલે હિંસા, અમારી એટલે હિંસા અધર્મ છે, પાપ છે, જ્યારે અહિંસા ધર્મ છે પુણ્ય છે. સાધર્મિક, ભક્તિ, ક્ષમાપના, અઠ્ઠમતપ, ચૈત્યપરિપાઠી આ પાંચ કર્તવ્યો અંગેની વિષાદ છણાવટ જૈનાચાર્ય રજુ કરે છે.



## આઉટસોર્સિંગના કર્મચારીઓના પગારમાં ઉચાપત કરનાર એજન્સીઓને બ્લેક લીસ્ટ કરવા ઉગ્ર માંગ

આરોગ્ય વિભાગ હસ્તકના દવાખાનાઓમાં આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓના પગાર, બોનસ, એરીયર્સ, લીવ ઓન કેશ, અને ડ્રેસ વોશીંગના નાણામાં એજન્સીઓ દ્વારા છેલ્લા છ વર્ષમાં ઉચાપત કરવામાં આવી હોવાનો આક્ષેપ જનતા જાગૃતિ મંચના અધ્યક્ષ રજનીકાંત ભારતીય એ કર્યો છે. ઉચાપતના નાણા પરત અપાવવા માટે આજે મોટીસંખ્યામાં આઉટસોર્સિંગ કર્મચારીઓ ગાંધીનગર ખાતે મોટીસંખ્યામાં એકઠા થઈને શ્રમ આયુકત અને આરોગ્ય કમિશનરને આવેદન પત્ર આપી રજુઆત કરી હતી.

# કલોલ ગાર્ડન સીટી ધડાકામાં બે અધિકારીઓની ધરપકડ

આજથી આશરે નવ માસ પહેલા સઈજ ગામની સીમમાં આવેલા ગાર્ડન સીટી રહેણાંક સોસાયટીમાં ભેદી ધડાકો થયો હતો. આ ભેદી ધડાકામાં ત્રણ વસાહતીઓએ જીવ ગુમાવ્યો હતો. ત્યારે આ બનાવ અંગે ગુનો નોંધી બે અપરાધીઓની ધરપકડ એલસીબી-૨ પોલીસે કરી છે.

કલોલના પંચવટી વિસ્તારમાં આવેલી ગાર્ડન સીટીમાં નવ માસ પહેલા ભેદી ધડાકો થયો હતો. સવારે ધડાકો થતા કલોલવાસીઓ ઉંઘમાંથી જાગી ગયા હતા. ધડાકાનો અવાજ દુર દુર સુધી સંભળાયો હતો. ગાર્ડન સીટીના બંધ મકાનમાં ધડાકા સાથે મકાન ધરાશાઈ થયુ હતું. જયારે બાજુના મકાનનો એક બાજુનો ભાગ તુટી ગયો હતો. આ ઘટનામાં ત્રણ વ્યકિતઓએ જીવ ગુમાવ્યો હતો. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ગાંધીનગર રેન્જ આઈજીપી અને જિલ્લા પોલીસ વડા પણ સ્થળ પર દોડી ગયા હતા. કલોલ તાલુકા પોલીસ મથકના પીઆઈ કે.કે.દેસાઈએ પ્રારંભથી જ ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસ બાદ કલોલ તાલુકા પોલીસ મથકે તા.૩૧-૮-૨૧ ના રોજ ગુનો રજીસ્ટર કરાવ્યો હતો. આ બનાવની વધુ તપાસ એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવ કરી રહ્યા છે. તેઓએ ઉપરોકત ગુનામાં દિપકભાઈ જગેન્દ્રનારયણ નારોલીયા (રહે.એ-૩૦૧ સંગાથ સીલ્વર ફલેટ મોટેરા અમદાવાદ) અને ઘનશ્યામ જીવાભાઈ પટેલ (રહે.શ્રી રંગ ઉપવન રાયસણ ગાંધીનગર) ની ધરપકડ કરી ઉંડાણપૂર્વક તપાસ શરુ કરી આ ગુનામાં સંડોવાયેલ અન્ય આરોપીઓને પકડી પાડવા માટે અટક કરેલ આરોપીઓના રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

## ચિલોડા પ્રાથમિક શાળામાં ધોરણ-૬ થી ૮ ઓફલાઈન વર્ગોના દ્વાર ખુલ્યા

ચિલોડા, તા. ૨

કોરોના હળવો થતાં રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર વિવિધ વિભાગોમાં ઓફલાઈન વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. ધો. ૧૨, ધો. ૧૧ બાદ માધ્યમિક વિભાગના ઓફલાઈન વર્ગો શરૂ કર્યા બાદ ગુરૂવારના રોજ ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે એટલે ધો. ૬ થી ૮ ના બાળકો વાલીના સંમતિપત્ર સાથે ચિલોડા પ્રાથમિક શાળામાં સૂચના મુજબ સ્કૂલમાં સોશ્યલ ડિસ્ટન્ટ માસ્ક અને ટેમ્પરેચરની ચકાસણી કર્યા બાદ પ્રવેશ આપવાની કામગીરી હાથ ધરાઈ હતી.

આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, સારસ્વતમિત્રો, વાલીઓ તથા શિક્ષણવિદ નટુભાઈ પટેલ ઉપસ્થિત રહી બાળકોને ૫૦ ટકા હાજરી પ્રમાણે નિયમને અનુસરી ચુસ્તપણે પાલન કરી ઉત્સાહપૂર્વક આવકાર્યા હતા.

# ગુજરાતના વાયબ્રન્ટ પાટનગરમાં ‘લીલા ગાંધીનગર’નો વિધિવત પ્રારંભ

ગાંધીનગર તા.૦૨

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પ્રાઈવેટ રિયલ એસ્ટેટ ફંડ બ્રુકફીલ્ડ એસેટ મેનેજમેન્ટની માલિકીની ધ લીલા પેલેસીસ હોટેલ્સ એન્ડ રિસોર્ટસે સ્પોન્સર કરેલી ×હોટલ લીલા ગાંધીનગર×ના પ્રારંભની જાહેરાત કરવામાં આવી છે. આ હોટલનું નિર્માણ પરંપરાગત રેલવે સ્ટેશનની એરસ્પેસમાં જમીનથી ૨૨ મીટર ઉંચે કરવામાં આવ્યું છે અને તે શહેરની સૌથી ઉંચી બિલ્ડીંગ અને સૌથી મોટી હોટલ છે. ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનનું રિ-ડેવલપમેન્ટ કરીને ૩૧૮ રૂમની ફાઈવસ્ટાર હોટલનું રેલવે પાટાની ઉપર નિર્માણ કરવામાં આવ્યું છે જે દેશમાં આ પ્રકારનો સૌ પ્રથમ પ્રોજેક્ટ છે જેને.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો. આ પ્રોજેક્ટથી આ વિસ્તારમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળશે.

દાંડી કુટીર મ્યુઝિયમની નજીક આવેલી લીલા ગાંધીનગર સેન્ટ્રલ વિસ્ટાનું અદ્દભૂત દ્રશ્ય પૂરૂં પાડે છે. હોટલનું વૈભવશાળી ઈન્ટિરિયર્સને પ્રાચીન ગુજરાતની આર્કિઓલોજીકલ અને આર્કિટેક્ચરલ ભવ્યતામાંથી, ફલોરીંગની પ્રેરણા અડાલજની વાવના ફીચર્સમાંથી અને સીદી સૈયદની મસ્જીદ ખાતે આવેલા પ્રસિધ્ધિ ટ્રી ઓફ લાઈફમાંથી પ્રાપ્ત થઈ છે. પરંપરાગત ગ્લાસ બીડ વર્ક, બંધેજનો કાપડ કસબ, અઝરખ અને બાટીક વગેરેનો ઉપયોગ કરીને તેની ભવ્યતામાં વધારો કરાયો છે. આ હોટલમાં મોકળાશ ધરાવતા ૩૧૮ રૂમ્સ અને સ્યુટસ આવેલા છે, જેમાં આધુનિક ઈન્ટિરિયર્સની સાથે ભવ્યતા, આરામદાયકતા અને આધુનિકતાનો સમન્વય કરાયો છે. વિવિધ સ્યુટસમાં રોયલ અને ચાર પ્રેસિડેન્શ્યલ સ્યુટસ અભૂતપૂર્વ અને વિશિષ્ટ ભવ્યતા, અતિ આધુનિક સુવિધાઓ અને વૈભવી સગવડો પૂરી પાડે છે. ડાઈનીંગ વિસ્તાર નયનરમ્ય વાતાવરણ પૂરૂં પાડે છે. ઑલ-ડે રેસ્ટોરન્ટ સાયટ્રસ જંકશન ભારતીય ઓરિએન્ટલ અને કોન્ટીનેન્ટલ વાનગીઓમાંથી પસંદગીની તક પૂરી પાડે છે. મોકસ લોન્જના ઑલ ડે સ્થાપક મેન્યુમાં પસંદગીની ચા - કોફી અને આકર્ષક પેટીસ સિરીઝ તથા દીયા ફાઈન ડાઈનીંગ રેસ્ટોરન્ટ ભારતીય વાનગીઓ માટેની વિશેષ નિપુણતા ધરાવે છે અને ખાસ પ્રસંગોના આયોજન માટે પર્ફેક્ટ સેટીંગ પૂરું પાડે છે. તેની રોયલ કલબ લોન્જનો એક્સકલુઝિવ ડાઈનીંગ એરિયા વિશિષ્ટ મહેમાનોને બ્રેકફાસ્ટ, આફ્ટર-નૂન ટી અને ઈવનીંગ બેવરેજીસ પૂરાં પાડે છે. તે પ્રાઈવેટ લાયબ્રેરી લોન્જ ધરાવે છે અને એક્સકલુઝીવ પાર્ટી રૂમ ધરાવે છે ત્યાંથી શહેરના આકર્ષક દ્રશ્યો નિહાળી શકાય છે. ઉત્કૃષ્ટ બૉલરૂમ્સથી માંડીને મિટીંગ રૂમ્સ ધરાવતી આ હોટલ કોઈપણ પ્રસંગના આયોજન માટે આદર્શ સ્થળ બની રહે છે. મહેમાનો

● અનુસંધાન પાના - ૭ પર

## ચિલોડા પાસે બે મોપેડ ટકરાતાં બીએસએફ જવાનને ઈજા

ગાંધીનગર, તા. ૨

આલમપુર પાસે બીએસએફ ખાતે એએસઆઈ તરીકે ફરજ બજાવતા ૩૮ વર્ષિય અભય પ્રકાશસિંગ પરિહાર ચિલોડા ખાતે ગુડાના આવાસ યોજના ખાતે રહે છે. અભયસિંગ નોકરી પુરી કરીને સ્કુટી નં. ડબલ્યુ.બી.૭૪.એ.પી.-૬૩૨૫ લઈને ચિલોડા થી ઘર તરફ જઈ રહ્યા હતા તે સમયે રાધા સ્વામી ટ્રેકટરની સામે રોંગ સાઈડમાં મોપેડ નં. જી.જે.૧૮.એ.ઈ-૭૭૧૮ ના ચાલકે પુર ઝડપે અને ગફલતભરી રીતે મોપેડ હંકારી સ્કુટી ને ટક્કર મારતા અભયસીંગ માર્ગ પર નીચે પટકાયા હતા. અકસ્માતમાં મોઢાના તેમજ માથાના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. બનાવ અંગે મોપેડ ચાલક સામે ફરીયાદ નોંધાવતા ચિલોડા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## સ્વર્ગસ્થ આત્માના કલ્યાણ અર્થે ૯ કુંવારીકા દ્વારા લઘુરૂદ્ર યજ્ઞ

ગાંધીનગર, તા. ૨

વૈજનાથ મહાદેવ મંદિર શેરથા ગાંધીનગર મુકામે ૬ સપ્ટેમ્બર સોમવતી અમાસે પ્રથમ વખત લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞની વિશેષતા એ છે કે એક સાથે ૯ કુંવારી કન્યાઓ આ યજ્ઞમાં બેસવાની છે. આ યજ્ઞ સંપૂર્ણ નિઃશુલ્ક છે આ યજ્ઞ કોરોના મહામારીને કારણે અવસાન પામેલા લોકોના આત્મશ્રેયારથે કરવામાં આવશે આ કન્યાઓ પોતાની સ્વેચ્છાએ બેસવાની છે સવારે ૯ થી સાંજે ૬ સુધી ચાલશે. યજ્ઞ માટે મહાવીર ગોસ્વામીનો સંપર્ક ૯૮૨૪૧૨૮૨૧૦૫ પર કરી શકાશે.

# ‘ગાંધીનગર જિલ્લાનું આઝાદીની લડતમાં યોગદાન’ વિષયક પરિસંવાદ યોજાયો

**વાવોલ ગામના ગંગાબા યાજ્ઞિકે મહાત્મા ગાંધીજીને ચરખો આપ્યો હતો : નારદીપુર ગામના નટવરભાઇ પંડિતનું નામ સ્વરાજની ચળવળમાં મોખરે છે : ભાનુભાઇ પુરાણી**

ગાંધીનગર, તા. ૨

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને વાવોલ ગામના દીકરી ગંગાબા યાજ્ઞિકે ચરખો આપ્યો હતો. તેવું આજરોજ ગાંધીનગર માહિતી કચેરીના સંયુક્ત ઉપક્રમે આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, ‘‘ગાંધીનગર જિલ્લાનું માથાના ભાગે લોખંડ જેવી ચીજ મારતા તેમનું મૃત્યૃ થયાના સમાચારથી ગમગીની છવાઇ ગઇ હતી. પણ તેઓને તે હાલતમાં જેલમાં પુરવામાં આવ્યા હતા.




ખાતે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ ‘‘ગાંધીનગર જિલ્લાનું આઝાદીની લડતમાં યોગદાન’’ વિષયક પરિસંવાદમાં વક્તા તરીકે ઉપસ્થિત ગાંધી કથાકાર અને સાહિત્યકાર ભાનુભાઇ પુરાણીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે આઝાદી બાદ ગાંધીનગર જિલ્લો અસ્તિત્વમાં આવ્યો હતો. પણ આઝાદીકાળમાં અનેક શહીદવીરોએ હાલના ગાંધીનગર જિલ્લાના વિવિધ વિસ્તારો અને ગ્રામ્ય કક્ષાએથી આઝાદીની લડત માટે યોગદાન આપ્યું છે.

આજરોજ ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે ગુજરાત પ્રેસ અકાદમી અને ગાંધીનગર જિલ્લા આઝાદીની લડતમાં યોગદાન’’ વિષયક પરિસંવાદમાં વક્તા તરીકે ઉપસ્થિત ગાંધી કથાકાર અને સાહિત્યકાર ભાનુભાઇ પુરાણીએ પોતાની આગવી શૈલીમાં જિલ્લાની આઝાદી લડતમાં યોગદાનની વધુ વાત કરતા જણાવ્યું હતું કે કલોલ તાલુકાના નારદીપુર ગામના નટવરભાઇ પંડિતનું નામ સ્વરાજની ચળવળમાં મોખરાનું છે. તેમણે કલોલ શહેરના ટાવર ખાતે ઝંડો ફરકાવતા હતા. ત્યારે અંગ્રેજો તેમના અને અન્ય સ્વાતંત્રય વીરો પર લાઠી ચલાવી હતી. જેમાં નટવરભાઇ પંડિત એક એક લાઠી પડતી હતી તેમ તેમ વંદે માતરમના નારા લગાવતા હતા. અંતે તેમને અંગ્રેજા અમલદારે ત્યારબાદ આ શહીદવીરનું મોત વર્ષ-૧૯૯૩માં થયું હતું.

ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગરના સચિવ પુલકભાઇ ત્રિવદેએ આઝાદીકાળ વિષે મહત્વની જાણકારી આજના યુવાનોને આપવા અને વીર શહીદોની કુરબાની તેમના માનસપટમાં આવે તે માટે માહિતી ખાતુ, ગુજરાત રાજય અને ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રાજયના તમામ જિલ્લાઓમાં આ પ્રકારના પરિસંવાદનું આયોજન કરવામાં આવશે. આજે ગાંધીનગર ખાતે આ પ્રથમ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.




ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ દ્વારા જળ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના ૧૦૦ ગામોની પાણી સમિતિઓને ધરોઈ ડેમ અને સતલાસણ-વાવ વોટર ફિલ્ટર પ્લાન્ટના પ્રવાસે લઈ જવામાં આવ્યા હતા. આ પ્રવાસમાં ગાંધીનગર જિલ્લાના ૧૦૦ ગામોની પાણી સમિતિઓના ૧૨૦૦ જેટલા સભ્યોને ધરોઈ ડેમ અને સતલાસણ- વાવ વોટર ફિલ્ટર પ્લાન્ટ, પમ્પીંગ સ્ટેશન અંગે માહિતી આપવામાં આવી હતી. આ સભ્યોને ડેમમાંથી આવતા પાણીને વોટર ફિલ્ટર પ્લાન્ટમાં કઈ રીતે શુધ્ધ કરવામાં આવે છે, કલોરીનેશનની પ્રક્રિયા કેવી રીતે થાય છે. તેમજ ગ્રામ્યકક્ષાએ ઘરે નળ સુધી આ પાણી કેવી રીતે આપવામાં આવે છે, તેની ઉંડાણપૂર્વકની સમજ આપવામાં આવી હતી. તેમજ ટયુબવેલના પાણીનો નહિવત ઉપયોગ કરી નર્મદાના પાણીનો વધુ ઉપયોગ કેમ કરવો તેની પણ કોરટીમ દ્વારા વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા કરાઈ

ગાંધીનગર, તા. ૨

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા ઉજવવામાં આવી હતી. આ પ્રદર્શનમાં ઝવેરચંદ મેઘાણીના પુસ્તકો જેવા કે તુલસીક્યારો, યુગવંદના, કંકાવટી, વેવિશાળ, સોરઠની રસધાર અને સોરઠ તારા વહેતાં પાણી વગેરે જેવા કુલ ૩૫ પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતાં. જેનો લાભ સંકુલના ગુજરાતી વિભાગના વિદ્યાર્થી અને અધ્યાપક મિત્રોએ લીધો હતો. ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. કનુભાઈ વસાવા દ્વારા વિદ્યાર્થીઓને પ્રદર્શનમાં મૂકેલા ઝવેરચંદ મેઘાણીના પુસ્તકો વિશે વિસ્તારમાં માહિતી આપવામાં આવી હતી. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશ પરીખ, દિશા દવે, કિશન પંચાલ, જતીન સોલંકી અને મેહુલ રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઇ-ટેન્ડ રીંગ જાહેર નિવિદા
વર્ષ - ૨૦૨૦-૨૧
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર - ૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી. | ઈ.એમ.ડી |
|---|---|---|---|
| ૧૭/૨૦૨૧-૨૨ | Sewerage Network & Water Distribution Network in Khoraj Gamtal & TP-303 of GMC Area. | રૂ. ૧૮,૦૦૦/- | રૂ.૧૯,૪૭,૯૦૭/- |

ટેન્ડર ફોર્મ તા. ૩/૯/૨૦૨૧ થી તા.૨૩/૯/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓન લાઈન વેબ સાઈટ-www.nprocure.comથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેક્નિકલ બીડ અને ટેન્ડર ફી ની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના નામે તા.૨૪/૯/૨૦૨૧ થી ૧/૧૦/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓન લાઈન ઓપનીંગ તા. ૪/૧૦/૨૦૨૧ કરવામાં આવશે.

સહિ/-
માહિતી/૯૭૯/૨૧-૨૨ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર

ઇ-ટેન્ડ રીંગ જાહેર નિવિદા
વર્ષ - ૨૦૨૦-૨૧
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર - ૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી. | ઈ.એમ.ડી |
|---|---|---|---|
| ૧૮/૨૦૨૧-૨૨ | Construction of SPS with Electrical & Mechanical Work including O & M for 3 Years for Khoraj Gamtal & TP-303 of GMC Area. | રૂ. ૧૨,૦૦૦/- | રૂ. ૫,૨૧,૯૮૨/- |

ટેન્ડર ફોર્મ તા. ૩/૯/૨૦૨૧ થી તા.૨૩/૯/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓન લાઈન વેબ સાઈટ-www.nprocure.comથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેક્નિકલ બીડ અને ટેન્ડર ફી ની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના નામે તા.૨૪/૯/૨૦૨૧ થી ૧/૧૦/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓન લાઈન ઓપનીંગ તા. ૪/૧૦/૨૦૨૧ કરવામાં આવશે.

સહિ/-
માહિતી/૯૭૮/૨૧-૨૨ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર